# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 07-08-2025 Day: Thursday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **પરેશ મારૂ** વાંચે છે.

---

## સેનાના જવાનોને રાખડી મોકલાઇ

દેશની સરહદોની દિવસ રાત ખડે પગે સુરક્ષા કરતા સેનાના જવાનોની રક્ષા માટે રક્ષાબંધન અવસરે ગુજરાતની બહેનો દ્વારા રક્ષાના પ્રતિક રૂપે સાડા ત્રણ લાખ રાખડીઓ જવાનોને મોકલવામાં આવી છે.

રાજ્યની 53 હજાર જેટલી આંગણવાડીઓની બહેનોએ સરહદના સંત્રી એવા સેનાના જવાનોની રક્ષા માટે આ રાખડીઓ તૈયારી કરી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં આ રક્ષાસૂત્ર કળશ સરહદી દળોના જવાનોને ગાંધીનગરમાં પ્રતિકરૂપે અર્પણ કરવામાં આવ્યો હતો.

ગુજરાતની આ પહેલને ઈન્ડિયા બૂક ઓફ રેકર્ડમાં સ્થાન મળ્યુ છે તે અંગેનું સર્ટીફિકેટ અને મેડલ ઈન્ડિયા બૂક ઓફ રેકર્ડના પ્રતિનિધિઓએ મુખ્યમંત્રીશ્રી સમક્ષ પ્રસ્તુત કર્યા હતા. મહિલા અને બાળ કલ્યાણ મંત્રી ભાનુબેન બાબરિયાની પ્રેરણા અને માર્ગદર્શનમાં આંગણવાડી બહેનોએ આ રાખડીઓ મોકલી છે. આ રક્ષાસુત્ર કળશનો આર્મી, બી.એસ.એફ., સી.આર.પી.એફ., અને એન.ડી.આર.એફ.ના ગાંધીનગર સ્થિત જવાનોએ સહર્ષ સ્વીકાર કર્યો હતો.

---

## રાજ્યમાં હરઘર તિરંગા

રાજ્યભરમાં આવતીકાલથી 15 ઑગસ્ટ સુધી “હરઘર તિરંગા” અભિયાન યોજાશે. રમતગમત રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ કહ્યું, અભિયાન દરમિયાન જિલ્લા અને મહાનગરપાલિકા વિસ્તારમાં ત્રિરંગા યાત્રા સાથે સ્વચ્છતા રેલી પણ યોજાશે. જ્યારે આગામી 12થી 15 ઑગસ્ટ દરમિયાન વિવિધ સ્થળ પર સ્વચ્છતા સંવાદ કાર્યક્રમ યોજાશે.

---------------------------------------------------------------------------------------

## સંસ્કૃત સપ્તાહની ઉજવણી

ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડ દ્વારા સમગ્ર રાજ્યમાં સંસ્કૃત સપ્તાહની ઉજવણી થઈ રહી છે ત્યારે જિલ્લામાં સંસ્કૃત સંભાષણ દિવસની ઉજવણી શાળાઓ અને મહાશાળાઓમાં કરવામાં આવી. આ પ્રસંગે જિલ્લા શિક્ષણાધિકારી સંજય પરમાર દ્વારા સામખિયાળી ખાતે સંત સંધ્યાગીરી વેદ વિદ્યાલયની મુલાકાત લેવામાં આવી જેમાં ઋષિ કુમારોએ સંસ્કૃત ભાષામાં વૈવિધ્યસભર કૃતિઓની  રજૂઆત, વૈદિક શ્લોકોનું ગાન અને પઠન પણ કરાયું. દરમિયાન જિલ્લાના અધિકારીઓ અને કર્મચારીઓ દ્વારા સંસ્કૃત ભાષામાં શુભેચ્છા સંદેશ પાઠવવામાં આવ્યા.

સંસ્કૃત સંભાષણની ઉજવણી જિલ્લાની 300 કરતાં પણ વધુ શાળા મહાશાળાઓમાં યોજાઇ હતી. જેમાં 2000 કરતાંય વધુ વિધાર્થીઓ તેમજ અધિકારીઓ અને કર્મચારીઓએ ભાગ લીધો હતો. સંસ્કૃત સપ્તાહના અંતિમ દિવસે કચ્છ યુનિવર્વસિટી ખાતે સ્પર્ધા અને સંસ્કૃત સાહિત્ય પ્રદર્શની યોજાશે.

---------------------------------------------------------------------------------------

## સુમરાસરમાં જન સુરક્ષા સંતૃપ્તિ અભિયાન

ભારત સરકાર દ્વારા સમગ્ર દેશમાં 1 જુલાઈ થી 30 સપ્ટેમ્બર 2025 સુધી ગ્રામ પંચાયત સ્તરે જન સુરક્ષા સંતૃપ્તિ અભિયાનનું આયોજન કરાયું  છે જેના અનુસંધાને રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયાના કાર્યપાલક નિદેશક રોહિત જૈન તથા ક્ષેત્રિય નિદેશક રાજેશ કુમાર કચ્છની મુલાકાતે આવ્યા હતા. આ મુલાકાત દરમ્યાન સુમરાસર ગામે આરબીઆઈ તથા બેન્ક ઓફ બરોડાના

સહયોગથી વિશેષ કેમ્પનું આયોજન કરાયું હતું. કાર્યપાલક નિદેશક રોહિત જૈન એ કહ્યું હતું કે, કચ્છ ના છેવાડા ના ગ્રામજનો સુધી ભારતના નાગરિકો માટેની તમામ યોજનાઓનો 100 ટકા પહોંચે તે માટે આ કેમ્પ યોજાયો છે. જન સુરક્ષા સંતૃપ્તિ અભિયાનમાં કચ્છ જિલ્લો દેશમાં મોખરે રહે તેવું કાર્ય કરવાનું આહવાન કરાયું હતું.

-----------------------------------------------------------------------------------------

## ગાંધીધામમાં સાડીથોન

ગાંધીધામની ઈન્નરવ્હીલ ક્લબ, વિનસ કલેકશન તથા મારવાડી યુવા મંડળ જાગૃતિ શાળાના ઉપક્રમે નેશનલ હેન્ડલુમ દિવસના ઉપલક્ષમાં ગાંધીધામમાં અનોખી સાડીથોન યોજાઈ હતી, જેમાં વિવિધ પ્રાંત, સમાજની બેહનોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. સાડીથોનમાં 400થી વધુ મહિલા, યુવતી તેમજ બાળકોએ ભાગ લીધો હતો. પંડીત દીનદયાલ હોલ ખાતે આ સ્પર્ધા પૂર્ણ થઈ હતી. કચ્છની હસ્તકળાની વિશેષ પ્રાધન્ય મળે તેમજ જુદા-જુદા પ્રાંતના હસ્તકળા કારીગરોને પ્રોત્સાહિત કરવા માટે છેલ્લાં ચાર વર્ષથી કચ્છ હેન્ડલુમ એક્સોનુ ગાંધીધામમાં આયોજન કરવામાં આવે છે.

-----------------------------------------------------------------------------------------

## કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા શિબિર

કચ્છમાં કૃષિ પશુપાલકોને સ્વચ્છ અને સ્વાસ્થ્યકર દૂધ ઉત્પાદન માટે પ્રોત્સાહિત કરવા માટે કાઝરી સંચાલિત કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા અંજારના રતનાલ ગામે વધુ દૂધ અને બજાર મુલ્ય માટે સ્વચ્છતા પ્રશિક્ષણ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ડેરી કિસાન જોડાયા હતા. કાઝરી-કેવીકેના વડા ડો. મનીષ કંવટના માર્ગદર્શનમાં વિષય વિશેષજ્ઞ ડો. ઝુફ્રાશા અંજુમે પશુઓને દોહવામાં સ્વચ્છતાનું મહત્ત્વ સમજાવ્યું હતું તથા દૂધ ઉત્પાદનમાં વધારો કઇ રીતે કરી શકાય તે અંગેની સમજણ આપી હતી. શિબિરમાં કિસાન-વૈજ્ઞાનિક સંવાદ સત્ર પણ યોજાયું હતું.

-----------------------------------------------------------------------------------------

# સાંસદ : રક્ષાબંધનની ઉજવણી

દર વર્ષની જેમ આ વર્ષે પણ કચ્છના સાંસદ વિનોદભાઇ ચાવડા મિત્રો, સ્વજનો સાથે રાપર તાલુકાના કુડા બી.એસ.એફ. પોસ્ટ ઉપર બી.એસ.એફ. જવાનોની સાથે રક્ષાબંધનની ઉજવણી કરશે. રક્ષાબંધનના આગલા દિવસે 8 ઓગસ્ટના લોદ્રાણી બીએસએફ પોસ્ટ કુડા 84 બટાલિયન તથા `0' પોઇન્ટ ઉપર ફરજ બજાવતા વીર જવાનો સાથે રક્ષાબંધન સહ ભોજનનું આયોજન કરાયું છે. આ ઉત્સવમાં  ધારાસભ્યઓ, જિલ્લા-તાલુકા પંચાયતના પદાધિકારીઓ, ગ્રામજનો, સાથી મિત્રો, સંગઠાત્મક સાથી મિત્રો કુડા પોસ્ટ અને ફોરવર્ડ બી.ઓ.પી. સાથે મનોરંજન અને સંગીત કાર્યક્રમનું પણ આયોજન કરાયું છે.

---